# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

## ● પરિપત્ર ●

જયભારત સહ જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર નવસારી ખાતે વ્યાવસાયિક પાર્ટી તરફથી શૈક્ષણિક મ્યુઝીયમ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. હવે મ્યુઝિયમમાં કીઓસ્ક માટેની માહિતી તથા ડીસપ્લે કોર્નર/બોક્ષમાં જીવંત નમૂના, મોડેલ્સ, રેપ્લીકા, કટ મોડેલ્સ વિ. મુકવાની અને ગોઠવવાની કામગીરી જે તે વિભાગે કરવાની થાય છે. આગામી તા.૦૩/૦૧/૨૦૧૪ના રોજ નવસારી ખાતે યોજાનાર યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભ પ્રસંગે પરમ સન્માનીય રાજયપાલ મહોદયા ડો. શ્રીમતી કમલાજીના વરદ હસ્તે અને માન. કૃષિમંત્રી, ગુજરાત રાજય તેમ જ ડો. એસ. અયપ્પન, ડાયરેકટર જનરલ, આઈ.સી.એ.આર., નવી દિલ્હીની ઉપસ્થિતીમાં સદરહુ મ્યુઝીયમ જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવનાર છે. હવે સમય ખુબ જ ઓછો હોઈ મા.કુલપતિશ્રીની સૂચનાનુસાર નીચે મુજબની કામગીરી સત્વરે હાથ ધરવા વિનંતી છે.

(૧) શૈક્ષણિક મ્યુઝીયમમાં નીચે દર્શાવેલ વિભાગોના વૈજ્ઞાનિકોએ ડીસપ્લે કોર્નર/બોક્ષમાં જીવંત નમૂના, મોડેલ્સ, રેપ્લીકા, કટ મોડેલ્સ વિ. મુકવાની અને ગોઠવવાની કામગીરી હાથ ધરવી.

| ક્રમ | માહિતી/વિભાગ | નિષ્ણાંત વૈજ્ઞાનિક ટીમ |
|---|---|---|
| ૧ | એગ્રોનોમી,<br>સોઈલ એન્ડ વોટર,<br>NRM | ડાં. જે.ડી.થાનકી, પ્રાધ્યાપક, એગ્રોનોમી વિભાગ<br>ડાં. એ.એમ.બાફના, પ્રાધ્યાપક, કેમેસ્ટ્રી<br>ડાં. આર.જી.પાટીલ, સંશોધન વૈજ્ઞાનિક, સોઈલ એન્ડ વોટર |
| ૨ | ક્રોપ ઈમ્પ્રવમેન્ટ,<br>બાયો ટેકનોલોજી | ડાં. પથિક પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક (ડાંગર)<br>ડાં. ડી.યુ.પટેલ, સંશોધન વૈજ્ઞાનિક (શેરડી)<br>ડો. સંજય ઝા, બાયો ટેકનોલોજી |
| ૩ | પ્લાન્ટ પ્રોટેકશન | ડાં. જી.જી.રાદડીયા, પ્રાધ્યાપક, એન્ટોમોલોજી વિભાગ<br>ડાં. વી.એ.સોલંકી, પ્રાધ્યાપક, પ્લાન્ટ પેથોલોજી વિભાગ |
| ૪ | બાગાયત, ફોરેસ્ટ્રી,<br>પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી | ડાં. બી.વી.પઢીયાર, પ્રાધ્યાપક(ફળ વિદ્યા)<br>ડાં. ડી.બી.જાડેજા, પ્રાધ્યાપક, (ફોરેસ્ટ્રી)<br>ડાં. અલકાસિંઘ સહ પ્રાધ્યાપક (ફલોરીકલ્ચર)<br>પ્રો. પરાગ પંડિત, મદદનીશ પ્રાધ્યાપક, પોસ્ટ હાર્વે.ટેક. |
| ૫ | Social Science,<br>કૃષિ અર્થશાસ્ત્ર,<br>એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ | ડાં. આર.ડી.પંડયા, પ્રાધ્યાપક (વિસ્તરણ)<br>ડાં. અલ્પેશ લેઉઆ, સહ પ્રાધ્યાપક (એબીએમ)<br>પ્રો. રાહુલ ઠકકર, મદદ. પ્રાધ્યાપક (એબીએમ) |
| ૬ | વેટરીનરી સાયન્સ | ડાં. એ.બી.ફુલસૌંદર, સંશોધન વૈજ્ઞાનિક, એલ.આર.એસ.<br>ડાં. સી વી. સાવલીયા, પ્રાધ્યાપક (વી.પી.એચ.)<br>ડાં. જે.એન. મિસ્ત્રી, પ્રાધ્યાપક (સર્જરી) |
| ૭ | કૃષિ ઈજનેરી,<br>ફાર્મ મશીનરી | પ્રો. એ.એલ. ચલોડીયા, મદદનીશ પ્રાધ્યાપક, કૃષિ ઈજનેરી<br>પ્રો. પરાગ પંડિત, મદદનીશ પ્રાધ્યાપક, પોસ્ટ હાર્વેસ્ટ ટેક. |

પાના નં. ૨ ઉપર ચાલુ......

| | | |
|---|---|---|
| (૨) મ્યુઝિયમમાં કીઓસ્ક માટે સોફટવેરની પસંદગી તથા તેમાં કૃષિ ટેકનોલોજી ફીડ કરાવવાની કામગીરી. | : | ડૉ. બી.એલ.રાદડીયા, નિયામકશ્રી, આઈ.ટી.<br>પ્રો. ભાવેશ ચૌધરી, મદદ. પ્રાધ્યાપક (આઈ.ટી.) |
| (૩) મ્યુઝિયમની નીચેની લોબીમાં લગાવવામાં આવેલ મહાનુભાવોની મુલાકાતના ફોટાઓ જરૂર જણાય તો બદલવા. ઉપરની લોબીમાં યુનિવર્સિટી હેઠળની કોલજો, પોલિટેકનીકો, સંશોધન કેન્દ્રો, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને વિસ્તરણ કેન્દ્રોના ફોટાઓ ડીસ્પ્લે બોક્ષની સાઈઝ અનુસાર તૈયાર કરાવીને લગાવવા. | : | પ્રો.જી.વી.સવાણી, મદદનીશ પ્રાધ્યાપક (અંગ્રેજી)<br>પ્રો. આદિલ કાઝી, મદદનીશ પ્રાધ્યાપક (ફોરેસ્ટ્રી)<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય |
| (૪) મ્યુઝિયમની આગળની દિવાલ પર તથા એસ.એસ.કે અને એટીકની મ્યુઝિયમ તરફની દિવાલ પર ટર્ચીંગ કરીને કલરકામ કરાવવું. | : | શ્રી એચ.ડી. ભલસોડ, કાર્યપાલક ઈજનેરશ્રી |
| (૫) મ્યુઝિયમની આગળ સાફસુફી કરાવીને લોન અને ફુલછોડ લગાવવા તથા અલંકૃત છોડના કુંડા મુકીને સુશોભન કરવાની કામગીરી. | : | ડો. બી.આર. પરમાર, પ્રાધ્યાપક (બાગાયત)<br>કેમ્પસ બ્યુટિફીકેશન વિભાગ |

ઉપરોકત કામગીરી સર્વેએ અગ્રિમતાના ધોરણે હાથ ધરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. સોંપવામાં આવેલ કામગીરીમાં થયેલ પ્રગતિની સમીક્ષા કરવા માટે **તા. ૨૪/૧૨/૨૦૧૩ના રોજ સવારે ૯.૩૦ કલાકે** મા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યુનિવર્સિટી ભવનના સભાખંડમાં એક બેઠક રાખવામાં આવેલ છે, તો બેઠકમાં ઉપર દર્શાવેલ તમામ વૈજ્ઞાનિકશ્રીઓએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

ઉપરોકત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/૭૧૩૫–૯૯/૨૦૧૩
નવસારી તા. ૧૭/૧૨/૨૦૧૩

<u>**નકલ સવિનય રવાના પ્રતિ**</u> :

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી
૩. ડીનશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી
૪. ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી
૫. ડીનશ્રી, વનબંધુ પશુચિકિત્સા–વ–પશુપાલન મહાવિદ્યાલય, નવસારી
૬. ડીનશ્રી, અસ્પી એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નકૃયુ, નવસારી
૭. આચાર્યશ્રી, ફોરેસ્ટ્રી કોલેજ, નકૃયુ, નવસારી

............જાણ તથા ઘટતું થવા તેમ જ બેઠકમાં ઉપસ્થિત રહેવા સારું.

<u>**નકલ જયભારત સહ રવાના પ્રતિ**</u> :

૧. ઉપર દર્શાવેલ તમામ વૈજ્ઞાનિકશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.